૫૦ બોમ્બ બાસ્કેટ મંગાવી દેવાયા

વાયબ્રન્ટ સમિટમાં આવનાર દેશના વડાપ્રધાન ઉપરાંત રાષ્ટ્રપતિ તથા વિદેશી વીવીઆઈપી હસ્તીઓ ગાંધીનગર ખાતે એકત્રીત થનાર છે. ખુબ જ મોટા આ કાર્યક્રમમાં સલામતીનો ખુબ મોટો પ્રશ્ન છે ત્યારે તકેદારીના ભાગરૂપે અલગ-અલગ જિલ્લાઓમાંથી બોમ્બ બાસ્કેટ મંગાવી લેવામાં આવ્યા વિવિધ જિલ્લામાંથી મળીને ૫૦ જેટલા બોમ્બ બાસ્કેટ લાવી ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે મુકી દેવામાં આવ્યા છે.

વિદ્યુત કર્મચારીઓનાં ૩૦મીએ ધરણાં-પ્રદર્શન યોજાશે

ગાંધીનગર તા.૨૬

ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ, થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર ખાતે, ટેકનિકલની અનેક જગ્યાઓ ખાલી હોવા છતાં. હેલ્પરોની કોઈ ભરતી કરવામાં આવતી નથી. કે આ જગ્યાઓ ઉપર વર્ગ-૪ ના નાના કર્મચારીઓને છેલ્લા પાંચેક વર્ષથી પ્રમોશન પણ આપવામાં આવેલ નથી. જેનાથી હાલ વર્ગ-૩ તરીકે કામ કરતા કર્મચારીઓ ઉપર કામનું ભારણ અસહ્ય રીતે વધી રહ્યું છે. તેમજ આ કર્મચારીઓ સતત માનસિક તનાવ અને ભયના માહોલમાં પોતાની દૈનિક ફરજો બજાવી રહેલ છે. જેની અસરો પાવર સ્ટેશનની વીજ ઉત્પાદકતામાં પણ દેખાઈ રહી છે.

આ ઉપરાંત થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર ખાતે જુદા જુદા ટ્રેડમાં અનેક ઉમેદવારોએ સફળતાપુર્વક એપ્રેન્ટિસીપ પૂર્ણ કરેલ છે. આ ઉમેદવારોને છેલ્લા ૧૨-૧૫ વરસથી કાયમી કરવામાં આવ્યા નથી. જેનાથી અનેક કુટુંબોની રોજીરોટી છીનવાઈ રહી છે. અને નોકરી ઈચ્છુક અનેક આશાસ્પદ યુવાનો બેરોજગારીના ખપ્પરમાં વિનાકારણે હોમાઈ રહ્યા છે. જેનાથી તેમના કુટુંબીજનો અને સ્વજનોમાં ઘેરી હતાશા ફેલાઈ રહી છે.

આ બાબતે વિધુત કર્મચારીઓના યુનિયન દ્વારા થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગરના વહીવટી વડાઓને અનેક વાર મૌખિક તેમજ લિખિત રજુઆતો કરવા છતાં તેનું કોઈ પરિણામ ન મળતાં, આગામી તા.૩૦/૧૨/૨૦૧૪ના રોજ એક દિવસીય ધરણાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

ડભોડા પંચાયત તથા કિસાન મોરચા દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરનાં ડભોડા ગ્રામ પંચાયત ખાતે આજે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજ રોજ પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન એવોર્ડ મેળવેલા અટલ બિહારી વાજપેયીના જન્મદિન નિમિત્તે ગામમાં તથા પંચાયત પરિસરમાં ગામના સરપંચ અરવિંદસિંહ કલ્યાણસિંહ સોલંકી તથા ગાંધીનગર જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી દિલીપ કે. પટેલ સહીતનાં આગેવાનો તથા સહકારી સંસ્થાના ચેરમેનો, નિવૃત્ત શિક્ષકો તથા આચાર્યો, તાલુકા પંચાયતનાં સભ્યો સહીત ગામનાં વડીલ આગેવાનોએ હાજર રહીને હાથમાં ઝાડુ લઈને સ્વચ્છતા કરી હતી અને સ્વચ્છ અભિયાન અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સે-૩-ડીમાં હરસિધ્ધી પીઠ ખાતે પંચકુંડી-શતચંડી મહાયાગ

ત્રિદિવીય મહાયાગ દરમિયાન અરણીમંથન, શોભાયાત્રા, સુંદરકાંડ, આનંદનો ગરબો અને લોકડાયરા સહીતના કાર્યક્રમો યોજાશે : ૩૦મીથી સવા અગિયાર લાખ આનંદના ગરબાનું મહા અનુષ્ઠાન શરુ થશે.

ગાંધીનગર, તા.૨૬

સે-૩-ડીમાં હરસિધ્ધી સિધ્ધીપીઠ ખાતે તા. ૨૭થી ૨૯ ડિસેમ્બર દરમિયાન ત્રિ દિવસીય પંચકુંડી-શતચંડી મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસના મહાયાગ દરમિયાન માતાજીની શોભાયાત્રા, અરણીમંથન દ્વારા અગ્નિ સ્થાપન, નૃત્યઆરતી, સુંદરકાડ, લોકડાયરો, આનંદનો ગરબો તેમજ પ્રતિષ્ઠા પૂજન સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.

આ ત્રિ દિવસીય પંચકુંડી-શતચંડી મહાયાગના આયોજન અંગે શાસ્ત્રી વિશ્વાસ એ. જાની તેમજ સે-૩ વસાહતના પ્રમુખ રાજુભાઈ ભટ્ટે માહિતી આપતા જણાવ્યું હતું કે મહાયાગના પ્રથમ દિવસે ૨૭મીએ સવારે મંડપ પ્રવેશ અને અરણીમંથન દ્વારા અગ્ની સ્થાપન કરવામાં આવશે. ત્યારબાદ ગ્રહમખ, સાયનપૂજા અને સાંજે આરતી થશે જયારે રાત્રિના ૮-૦૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજવામાં આવશે. ત્યારબાદ રવિવારે સવારે પ્રાતઃપુજન બાદ માતાજીની ભવ્ય શોભાયાત્રા નીકળે. રથમાં હરસિધ્ધી માતા સાથે અન્નપૂર્ણા તેમજ મહાકાળી માતાજીની પણ પાલખીમાં શોભાયાત્રા નીકશે. બપોરે વિવિધ વનસ્થિતથી માતાજીનો અભિષેક કરવામાં આવશે. ૧૦૮ કુંડ દ્વારા માતાજીનો મહાઅભિષેક કરવામાં આવશે. રાત્રિના ૧૦૦૮ દિવડાની નૃત્યઆરતી કરવામાં આવશે. દહેગામના હરેશભાઈ જોષી દ્વારા ભવ્ય આરતીનો કાર્યક્રમ યોજાશે. જયારે રાત્રિના નવરાત્રિ ચોકમાં લોકડાયરો યોજવામાં આવશે. જેમાં હેમંત ચૌહાણ અને ઘનશ્યામ કવિરાજ સહીતના કલાકારો ડાયરાની રંગત જમાવશે. સોમવારે બપોરે ૧૨.૩૯ અન્નકૂટ ધરાવવામાં આવશે. જયારે રાત્રિના ૮ કલાકે આનંદનો ગરબો યોજવામાં આવશે.

મહાયજ્ઞ બાદ તા. ૩૦ ડીસેમ્બરથી આનંદના ગરબાનું મહા અનુષ્ઠાન શરુ થશે. સવા અગિયાર લાખ આનંદ ગરબાના મહા અનુષ્ઠાન અન્વયે રોજ રાત્રિના પ્લોટ નં. ૧૦૩૧/૨ સે-૩-ડી ખાતેના ચોકમાં જ આનંદનો ગરબો કરવામાં આવશે. જયારે મંગળવારે અને શનિવારે રામધૂન અને હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવશે. મહાયાગના આચાર્ય તરીકે મુકુંદભાઈ ભટ્ટ, હર્ષદભાઈ જોષી સહિતના બ્રાહ્મણો પુજા વિધિ કરાવશે.

જાખોરા-રાજપુર ખાતે યોજાયેલ સ્વચ્છતા હરિફાઈના વિજેતાઓને પરેશ રાવલે સન્માન્યા

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર તાલુકાના જાખોરા-રાજપુર ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા હરિફાઈમાં ગામના ૧૧ વિભાગ પાડવામાં આવ્યા હતા તેમજ દરેક ગ્રામવાસીને પણ હરિફાઈમાં સામેલ કરાયા હતા. આ સ્વચ્છતા અભિયાનના વિજેતાઓને અભિનેતા અને સાંસદ પરેશ રાવલ તથા તેમના પત્નિ સ્વરૂપ સંપતના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતાં.

(તસવીર : નટુભાઈ પટેલ)

આ હરિફાઈમાં વિસ્તાર સ્પર્ધામાં જાખોરાના મોટ વાસ અને મહાકાલી વાસ વિજેતા જાહેર થયા હતા જયારે સંસ્થાકીય સ્પર્ધામાં જાખોરાનું આરોગ્ય કેન્દ્ર અને રાજપુર પ્રાથમિક શાળા વિજેતા બન્યા હતાં. વ્યકિતગત સ્પર્ધામાં વિજેતાઓમાં જાખોરાના યશવંતભાઈ કે. પટેલ, રણછોડભાઈ વાહજીભાઈ રબારી, કમલેશભાઈ પટેલ, દશરથભાઈ રામદાસ પટેલ, યોગેશભાઈ એન. પટેલ, રાકેશભાઈ અંબાલાલ પટેલ, ખોડાજી સાતાજી ઠાકોર, ભરતજી મફતજી રાઠોડ તેમજ રાજપુરના અરવિંદજી માસંગજી ઠાકોર, જગાજી સેંધાજી ઠાકોર, ઉદાજી શકરાજી ઠાકોર અને પ્રહલાદભાઈ રણછોડભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં પરેશ રાવલ, સ્વરૂપ સંપત ઉપરાંત ગાંધીનગરના ધારાસભ્યો અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

હરીયાળા પાટનગરને વાઈબ્રન્ટ સમિટમાં લીલા ઘાસથી સજાવટ

નગરમાં સર્કલો સહિત ઠેર ઠેર લીલા ઘાસના ચોસલા બિછાવ્યા, સુંદરતા ચારે કળાએ ખીલી ઉઠી

ગાંધીનગર, તા.૨૬

રાજયના પાટનગર ગાંધીનગરને હરીયાળા નગરનું બિરૂદ તો મળી ચુકયું છે. આ હરીયાળીને કાયમ રાખવા તંત્ર અથાક પ્રયત્નો કરી જ રહ્યું છે પરંતુ વાઈબ્રન્ટ સમિટમાં પણ નગર હરીયાળુ ભાસે તે માટે નગરના સર્કલ તથા અન્ય ઠેકાણે લીલા ઘાસના ચોસલા બિછાવી નગરને વધારે હરીયાળુ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જો કે અન્ય ઠેકાણેથી લાવેલા આ કુદરતી લીલા ઘાસે નગરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દીધા છે. જેને જોઈને નગરજનોમાં ઠંડકનો અહેસાસ થઈ રહ્યો છે.

વાઈબ્રન્ટ સમિટના આગંતુકો નગરની એકદમ અદભુત છબી પોતાના મનમાં કડારીને લઈ જાય તેવા તંત્રના નિષ્ઠાવાન પ્રયાસો નગરમાં એક પછી એક દેખાઈ રહ્યા છે. જેમાં પાટનગરના હરીયાળા બિરૂદને પણ બરકરાર રાખવા નગરમાં લીલા ઘાસના પારણાં શરુ કરી દેવામાં આવ્યા છે. કુદરતી લીલા ઘાસના ચોસલા અન્ય જગ્યાએથી લાવી નગરના સર્કલો તથા અન્ય જરુરી સ્થળોએ બિછાવી દેવામાં આવ્યા છે. જેથી સર્કલ તથા જે તે સ્થળો એકદમ આકર્ષક લાગી રહ્યા છે.



નગરમાં બીછાવાઈ રહેલાં આ લીલા ઘાસના ચોખલા બાબતે સ્થાનિક હાજર કામ કરતાં વ્યકિતને પુછતાં જાણવા મળ્યું હતું કે આ કુદરતી ઉગેલું ઘાસ અહીં પાથરી દઈ બગીચા જેવું દૃશ્ય સર્જાશે. જેમાં આ ઘાસ સાથે જે તે સ્થળની માટી સામેલ જ હોય છે જેથી આ ઘાસ ફકત પાણીની જરૂરિયાત થકી કુદરતી રીતે આપોઆપ ઉગી નીકળશે. જેને સમયાંતરે કાપકુપ કરી સરખું કરવાનું જ રહે છે. ટ્રકોમાં ભરીને લવાતા આ ઘાસના ચોસસા હાલ તો લીલા ઘાસની અવેજી બની રહે તેવું લાગી રહ્યું છે. બાદમાં તેની કેળવણી જ તેનો ઉછેર બની રહેશે જે નગરની સુંદરતાને વધારતું રહેશે.

હરીયાળા પાટનગરમાં વૃક્ષો, બગીચા અને અન્ય ફુલછોડ થકી સમગ્ર વિસ્તાર લીલીછમ્મ ચાદરમાં લપેટાયેલો લાગી રહ્યો છે અને આગંતુકોની આંખોને ઠંડક આપી રહ્યો છે. તેજ રીતે વાઈબ્રન્ટ સમિટમાં પધારનાર મહેમાનો પણ નગરના આ હરીયાળા વાતાવરણ થકી અભિભૂત થઈ ઉઠશે તેવું નગરના હાલના નજારા ઉપરથી નગરજનોને લાગી રહ્યું છે. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સમસ્ત દેવીપૂજક સમાજ દ્વારા અટલ બિહારી બાજપાઈનો જન્મ દિવસ ઉજવાયો

ગાંધીનગરના સમસ્ત દેવી પૂજક સમાજ દ્વારા સેકટર-૨૪ના શાકમાર્કેટ ખાતે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈને ભારત રત્નથી સન્માનિત કરવા બદલ તેમના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ડિરેકટર રમણભાઈ વીરમગામીયાએ દેવી પૂજક સમાજના બાળકોને ભણાવવા તેમજ સ્વચ્છતા અભિયાનમાં યોગદાન માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૫ના કોર્પોરેટર સુરેશભાઈ મહેતા અને સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં દેવીપૂજક સમાજના લોકોને સ્વચ્છતા અને વ્યસન મુકિતના શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

રવિવારે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા અમૃત મહોત્સવનું આયોજન

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તા. ૨૮મી ડિસેમ્બર રવિવારે જીવનના ૭૫ વર્ષપૂર્ણ કરતા વડીલોનું સન્માન કરવા 'અમૃત મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અમૃત મહોત્સવ સે-૨ ૩માં કડજી શૈક્ષણિક સંકુલમાં આવેલ ખીમજી વિસરામ હોલ ખાતે બપોરે ૩ વાગે યોજવામાં આવ્યો છે.

રાજપૂત સમાજ દ્વારા સે-૧૨ ખાતે યોગાસન શિબિર

ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા આગામી તા. ૧લી જાન્યુઆરીથી ૧૦મી જાન્યુઆરી દરમિયાન સે-૧૨માં સરકારી સ્કૂલ સામે આવેલ રાજપૂત ભવન ખાતે સવારે ૬.૩૦ થી ૭.૩૦ વાગ્યા દરમિયાન યોગાસન શિબિર યોજાશે. આ યોગાસન શિબિરમાં દરેક શિબિરાર્થીએ પોતાની શેતરંજી લઈને આવવાનું રહેશે. આ શિબિરમાં હસમુખભાઈ પટેલ દ્વારા ધ્યાન, પ્રાણાયામ અને યોગાસનોનું માર્ગદર્શન આપવામાં આવશે. સમાજમાં લોકોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે આ શિબિરમાં તમામ નગરજનો અને વિદ્યાર્થીઓને ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આરોગ્ય-ઉર્જા શ્રમ રોજગારની સંયુકત ટીમ આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધાની સેમી ફાઈનલમાં

આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં સે-૨૧ના જીમખાના ખાતે રમાયેલ પ્રથમ કવાર્ટર ફાઈનલ મેચમાં આરોગ્ય-ઉર્જા-શ્રમ-રોજગારની સંયુકત ટીમે ગૃહ વિભાગની ટીમને ૭ વિકેટે પરાજય આપ્યો હતો. ગૃહ વિભાગની ટીમે પ્રથમ દાવ લેતા ૮ વિકેટે ૧૨૩ રન નોંધાવ્યા હતા જેમાં અલ્પેશ રોજીવાલાના ૩૭ રન અને કિશનસિંહ ઝાલાના ૩૧ રન મુખ્ય હતા. ટીમ વતી વત્સલ વોરાએ ૮ રનમાં ૧ અને બંકિમ ચૌધરીએ ૨૨ રનમાં ૪ વિકેટ ખેરવી હતી. જવાબમાં સંયુકત વિભાગની ટીમે વત્સલ વોરાના ૬૬ નોટઆઉટ રન અને દિપેશ રાજાના ૨૯ રનની સહાયથી મેચ જીતી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ મેચમાં વત્સલ વોરાને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. સ્પર્ધામાં તે સતત ત્રીજી વાર મેન ઓફ ધ મેચ બન્યાં હતાં.

શનિવારે માણસામાં અંધશાળા બાળકો દ્વારા ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર તાલુકાના માણસા ખાતે 'આનંદી મા ના વડલા' ખાતે અંધજન પ્રજ્ઞા ચક્ષુ બાળકો દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ નવતર કાર્યક્રમમાં ગાંધીનગરની અંધજન શાળા સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ દ્વારા તા. ૨૭મી ડિસેમ્બર શનિવારે સાંજે ૭ વાગે ભજનસંધ્યા યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અંધ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

રવિવારે સે-૩ડીમાં લોકડાયરો યોજાશે

ગાંધીનગર તા.૨૬

ગાંધીનગરના સેકટર ૩ ડી ખાતે તા.૨૮ મી ડિસેમ્બર રવિવારે રાત્રે ૯ વાગે નવરાત્રી ચોકમાં એક લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક ડાયરાનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા હર સિધ્ધી સિધ્ધી પીઠના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતી લોક સાંસ્કૃતિના જાણીતા કલાકારો હેમંત ચૌહાણ, ભીખુદાન ગઢવી અને ઘનશ્યામ કવિરાજ લોકોને ડાયરાનો રસાસ્વાદ કરાવશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦
: સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

વૃષભ : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

મિથુન : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

ચિરવિદાય

- સ્વ. રાઠોડ અર્જનસિંહ કેશરીસિંહ (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૩૫૯/૨, સે-૨૬, કિશાનનગર, ગાંધીનગર
- સ્વ. કિરીટસિંહ અણદુભા ઝાલા (ઉ.વ.૫૫) આઈ-૮, ગ્રીનસીટી, વાવોલ, તા.જી. ગાંધીનગર